## જન્મદિને વધામણી



સૌમ્યા રવિકિરણ પરમાર



શ્રેયાંશ પંકજભાઈ આગજા



રમેશભાઈ લિમ્બાચીયા
મો. : ૯૪૦૮૬૦૨૮૧૯

**રક્તદાન મહાદાન**

# આજે જીટીપીએલ ચૅનલ પર નટવર હેડાઉની વિશેષ મુલાકાત

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતની જાણીતી ન્યૂઝ ચૅનલ જીટીપીએલની ચૅનલ દ્વારા પ્રસારિત સાહિત્યના કાર્યક્રમ 'કાવ્યરસ'માં ગાંધીનગરના કવિ, સાહિત્યકાર, કૉલમીસ્ટ અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉનાં 'પ્રકૃતિ કાવ્ય પઠન'નો કાર્યક્રમ રવિવારે સવારે અને રાત્રે ૯ કલાકે પ્રસારિત થયો હતો, જેના નિર્માતા યુવા કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' દ્વારા કાવ્યોનો રસાસ્વાદ તેમજ કવિ પરિચય પણ આપવામાં આવ્યો હતો. મોટી



સંખ્યામાં સાહિત્ય રસિકોએ આ કાર્યક્રમ માણ્યો હતો.

આ ઉપરાંત જીટીપીએલની કૃષિલક્ષી ગુજરાતી ચૅનલ દ્વારા પ્રસારિત ખેતી અને ખેડૂત કાર્યક્રમમાં તા. ૨૯ મે, સોમવારના રોજ રોપ ઉછેર કેન્દ્ર દ્વારા 'ખેડૂતને મળતા લાભો અને પૂરક રોજગારી' અંગે માર્ગદર્શન આપતા કાર્યક્રમમાં નટવર હેડાઉ 'વનવિહારી'ની વિશેષ મુલાકાત દર્શાવવામાં આવશે.

પર્યાવરણના ચાહકો માટે આ કાર્યક્રમ માર્ગદર્શક પૂરવાર થાય તેવો છે, સૌ રસિકોને, ખેડૂતમિત્રોને આ કાર્યક્રમ માણવા સાહિત્યકાર તરફથી ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

### ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસમાં

# ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમોના માર્ગદર્શન માટે ચૌધરી કૉલેજમાં ૩૦મીએ માહિતી કાર્યક્રમ

**યુનિ. દ્વારા બીકૉમ, બીસીએ, બીબીએ, ઍમબીએ અને ઍમઍસસી (સીએ અને આઈટી)ના પાંચ વર્ષના ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમમાં ઑનલાઈન પ્રવેશ અપાશે**

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવા શૈક્ષણિક વર્ષ માટે બીકૉમ, બીસીએ, બીબીએ, ઍમબીએ અને ઍમઍસસી (સીએ અને આઈટી)ના પાંચ વર્ષના ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમમાં ઑનલાઈન પ્રવેશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ધોરણ-૧૨ પછી આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થી અને વાલીઓની ઑનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંગે વિસ્તૃત જાણકારી અને માર્ગદર્શન તથા સમસ્યા નિવારણ માટે માહિતી કાર્યક્રમ ચૌધરી કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૭, ગાંધીનગર ખાતે તા. ૩૦ મે, મંગળવારના રોજ સવારે ૧૦ કલાકે આયોજિત કરવામાં આવ્યો છે.

આ માહિતી કાર્યક્રમ પ્રવેશ પ્રક્રિયા અંગે સંપૂર્ણ માહિતી પૂરી પાડતો હોઈ વિદ્યાર્થીઓ તથા વાલીઓને વધુમાં વધુ સંખ્યામાં લાભ લેવા કૉલેજ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વર્લ્ડ રૅકર્ડ સ્થાપિત કરનારી ટીમમાં ગાંધીનગરની ટૅરો કાર્ડ રિડર યુવતિ




'વર્લ્ડ ટૅરો ડે' (૨૫ મે) નિમિત્તે અમદાવાદમાં ટૅરો કાર્ડ રિડીંગનો વર્લ્ડ રૅકર્ડ સ્થાપવામાં આવ્યો હતો. જે ટીમે આ રૅકર્ડ બનાવ્યો તેમાં ગાંધીનગરનાં યુવતિ પણ સામેલ હતી એ ગાંધીનગર માટે ગૌરવની વાત છે. અમદાવાદ શહેરનાં જાણીતા ટૅરો કાર્ડ રિડર શ્વેતા ખત્રી અને તેમની ટીમ દ્વારા બપોરના ૧૨થી રાતના ૧૨ વાગ્યા સુધી સતત કાર્યરત રહી ૩૦૦થી વધુ લોકોનું ભવિષ્ય જોવાનો વર્લ્ડ રૅકર્ડ સ્થાપિત કરવામાં આવ્યો હતો. આ ટીમમાં ગાંધીનગરનાં યુવતિ પ્રીતિ ગડકરી સામેલ હતાં. પ્રીતિ ગડકરી સૅક્ટર-૬નાં રહેવાસી છે અને વ્યવસાયે શિક્ષક છે. વર્લ્ડ રૅકર્ડ સ્થાપિત કરનારી આ ટીમમાં તેમના ઉપરાંત ભાવનગરનાં માધવી ઓઝા, અમદાવાદનાં અપૂર્વા શાહ, રાજકોટના મોહિત કોઠારી અને બારડોલીનાં મુક્તિ ચૌધરી પણ સામેલ હતાં. ઉલ્લેખનીય છે કે ભારતમાં સૌ પ્રથમ ટૅરો કાર્ડ માટે આ મેગા ઈવેન્ટ થઈ હતી, જેને વર્લ્ડ રૅકર્ડ ઑફ ઈન્ડિયામાં સ્થાન મળ્યું છે. વર્લ્ડ રૅકર્ડ ઑફ ઈન્ડિયાના ચીફ ઍડિટર પવનકુમાર સોલંકીના હસ્તે વર્લ્ડ રૅકર્ડ અંગેનું પ્રમાણપત્ર ટીમના દરેક સદસ્યને એનાયત કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

ખોટા એ લોકો નહોતા
જેમણે દગો કર્યો
ખોટો હું જ હતો
જેણે એમને મોકો આપ્યો

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સચિન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પાઈરેટ્સ ઓફ ધી કેરેબિયન (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧.૩૦
પાઈરેટ્સ ઓફ ધી કેરેબિયન (૩ડી, અંગ્રેજી) ૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ (ગુજરાતી)
૧.૦૦, ૪.૦૦
હિન્દી મીડિયમ
૭.૦૦
હાફ ગર્લફ્રેન્ડ
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૪૫, ૬.૪૫
બાહુબલિ-૨
૩.૩૦, ૯.૩૦
સચિન
સવારે ૧૦.૦૦



ગુજરાત સ્ટેટ અન્ડર-૭ (બોય્ઝ અને ગર્લ્સ) સિલૅક્શન ફૉર નૅશનલ ચૅસ ચૅમ્પિયનશીપ તાજેતરમાં ચૅસ ઍકેડેમી, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૧૫૦ જેટલા ખેલાડીઓએ આ ચૅમ્પિયનશીપમાં ભાગ લીધો હતો.

બોય્ઝમાં અનુક્રમે ઍસ બી રાજવર્શન, મહર્થ ગોધાણી, અર્ણવ ભૂષણ, સૌનક કાવા અને આદિશ શાહ તથા ગર્લ્સમાં અનુક્રમે રુહાની અસુદાની, ભક્તિ રજાઈ, જેનીશા ખટ્ટર, શ્રેયા શાહ અને માહિ મારવણિયા વિજયી બન્યાં હતાં.

આ ટુર્નામૅન્ટમાં કુલ ૮ હજાર રૂપિયાનાં રોકડ ઈનામો ગુજરાત સ્ટેટ ચૅસ ઍસોસિએશનના સૅક્રેટરી ભાવેશ પટેલ અને વાઈસ પ્રૅસીડેન્ટ મયુર પટેલ દ્વારા વિજેતા ખેલાડીઓને એનાયત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. પ્રથમ બે વિજેતા ખેલાડીઓ (પ્રત્યેક કૅટેગરીમાંથી) આંધ્રપ્રદેશ ખાતે આયોજિત નૅશનલ ટુર્નામૅન્ટ માટે ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે, એવી જાહેરાત ચૅમ્પિયનશીપના અંત ભાગમાં કરવામાં આવી હતી.

# એક જીવનમાં અનેકની પ્રેરણા મળી

**સંવેદના — મારી જીવન પ્રેરણા**

મારા જીવનના જુદા જુદા તબક્કે જે જે પ્રેરક બળોએ યોગ્ય વળાંકો આપ્યા તેમાં મારાં માતા-પિતા, ભાઈ-બહેન, પત્ની, મિત્રો, શિક્ષકો વગેરેનો ફાળો તો ખરો જ પણ તેમાં મારી કોઈ પસંદગીનો પ્રશ્ન નહોતો. વિસનગરના જ્ઞાતિ-છાત્રાલયને છોડીને સેવાદળ છાત્રાલયમાં રહી અભ્યાસ કરવાનો નિર્ણય લીધો તેમાં સમજપૂર્વકની પસંદગી હતી. તે વખતના ગૃહપતિ અમૃતભાઈ ટીલ્વાવાળા અને મોતીભાઈ ચૌધરીનાં સલાહ-સૂચનને આધારે મેં જે નિર્ણયો લીધાં તેને પરિણામે મને નઈ તાલીમની જાણીતી સંસ્થા 'લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ, સણોસરા'ના અધ્યાપક તરીકે કામ કરવાનો મોકો મળ્યો. નોકરીની બીજી તકો હતી પણ સણોસરાની પસંદગીમાં અને ત્યાં સ્થિર થવામાં બબલભાઈ મહેતા પ્રેરક બન્યા. મિત્ર પ્રમોદભાઈ પંડિત ત્યાં હતા તે પણ એક કારણ ગણી શકાય. લોકભારતીમાં સહજ રીતે જ ગાંધીજી અને વિનોબાજીનું સાહિત્ય વાંચ્યું, સમજ્યો અને તેમાંથી પ્રેરણા લઈ ગાંધીવિચાર મુજબ જીવવાનું શરૂ થયું. લોકભારતીના આગેવાન કાર્યકરો રતિભાઈ અંધારિયા (કૃષિ), નટવરલાલ બુચ (વહીવટ), મૂળશંકરભાઈ ભટ્ટ (છાત્રાલય), મનુભાઈ પંચોળી (સંસ્થા સંચાલન), નાનાભાઈ ભટ્ટ (શિક્ષક, વિદ્યાર્થી સંબંધ) વગેરેએ મને જુદી જુદી જવાબદારીઓ સોંપી અને તે મેં સ્વાકીરા તેથી મારી શક્તિઓ વિકસી. અધ્યાપકમાંથી આચાર્ય, ગૃહપતિમાંથી મુખ્ય ગૃહપતિ સુધી પહોંચ્યો. ગૌશાળાના મૅનેજર તરીકેની કામગીરીથી મનુભાઈ પંચોળીને સંતોષ થતાં તેમણે મને સંસ્થાનો ડિરેક્ટર બનાવ્યો. પચીસ વર્ષ સુધી આ નિયામક તરીકેની જવાબદારી નિભાવી. તે દરમિયાન અનેક મહાનુભાવો સાથે સંપર્કમાં આવવાનું બન્યું. તેમની શિબિરો ભરી, તેમનું સાહિત્ય વાંચ્યું, સમજ્યો અને તેમાંથી પ્રેરણા લઈને યોગ્ય દિશામાં આગળ વધતો જ ગયો.

આ મહાનુભાવોમાં જે. કૃષ્ણમૂર્તિ, ઓશો રજનીશ, વિમળાતાઈ ઠકાર, પાંડુરંગ શાસ્ત્રી (સ્વાધ્યાય પરિવાર), દાદા લેખરાજ (બ્રહ્માકુમારીઝ) અને પૂ. મોટા (નડિયાદ) વગેરે નામો ઉલ્લેખનીય છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં મારી ઋચિ તો હતી જ પણ તે દિશામાં જાગૃતિપૂર્વક આગળ વધી શક્યો તેમાં ઉપરોક્ત મહાનુભાવો ઉપરાંત બાબા નાગરાજજી (મધ્યસ્થ દર્શન - સહ અસ્તિત્વવાદ)નો મહત્ત્વનો ફાળો છે. વળી ૮૫ વર્ષે પણ શારીરિક સ્થિતિ સારી રહી તેમાં તાવરીઆજી (શ્વસનક્રિયા) અને શ્રી શ્રી રવિશંકરજી (સુદર્શન ક્રિયા)એ ભાગ ભજવ્યો છે તે પણ નોંધવું જોઈએ. તેથી આ બધાનો આભાર માનવાનું ભૂલતો નથી. પણ જો મનુભાઈ પંચોળી 'દર્શક' દ્વારા મને નિયામકનું જવાબદારીભર્યું કામ ન સોંપવામાં આવ્યું હોત તો મને આ મહાનુભાવોના સંપર્ક દ્વારા જીવનને ઉન્નત કરવાની પ્રેરણા ન જ મળી હોત. તેથી મનુભાઈનો હાર્દિક આભાર માની અટકું છું.

**- કુમુદચંદ્ર ઠાકર**
**વિજય એપાર્ટમૅન્ટ, વાવોલ**

# અમદાવાદ જિલ્લાની ૬૯ સ્કૂલ્સે ફી માટે દરખાસ્ત કરી

**ગત વર્ષના ફી માળખામાં ૧૦ ટકાથી ૨૦ ટકા સુધીના વધારા સાથેની દરખાસ્ત રજૂ કરાઈ**

ગાંધીનગર, તા. ૨૮

ખાનગી સ્કૂલોના ફી નિયમનને લઈને સરકાર દ્વારા કાયદો અમલમાં લાવ્યા બાદ જે સ્કૂલોને સરકાર દ્વારા નક્કી કરેલા ધોરણ કરતા વધુ ફી લેવી હોય તે સ્કૂલોએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની હતી. જેમાં અમદાવાદ જિલ્લાની ૬૯ જેટલી સ્કૂલોએ દરખાસ્ત કરી હોવાનું જાણવા મળે છે. જ્યારે અમદાવાદની ૫૦ જેટલી સ્કૂલો કોર્ટમાં ગઈ હોઈ તેમને ૧૫ જૂન સુધીની મુદત આપવામાં આવી છે. અમદાવાદમાં જે સ્કૂલોએ ફી માટે દરખાસ્ત કરી છે તેમાંથી મોટાભાગની સ્કૂલોએ ૧૦ ટકાથી લઈને ૨૦ ટકા વધારા સાથે ફી માળખું નક્કી કરવા માટે દરખાસ્ત કરી હોવાનું જાણવા મળે છે. ઉપરાંત ઘણી સ્કૂલોએ પોતાની ફી રૂ. દોઢ લાખ કરતા પણ વધુ રાખવા માટે દરખાસ્તમાં ઉલ્લેખ કર્યો છે. આ તમામ દરખાસ્તો પર ફી કમિટી દ્વારા ચર્ચા અને હિયરીંગ બાદ નિર્ણય લેવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. ખાનગી સ્કૂલોની ફી પર લગામ કસવા માટે સરકાર દ્વારા ખાનગી શાળા ફી નિયમન વિધેયક પસાર કરવામાં આવ્યું હતું. જેમાં સરકારે રાજ્યની ખાનગી પ્રાથમિક સ્કૂલોની રૂ. ૧૫ હજાર, માધ્યમિક સ્કૂલોની રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોની રૂ. ૨૭ હજાર ફી નક્કી કરી હતી. આ ફી માળખા જેટલી અથવા તો તેના કરતા ઓછી ફી લેતી હોય તેવી સ્કૂલોએ ફી કમિટી સમક્ષ એફિડેવિટ કરવાની હતી અને જે સ્કૂલો સરકારના નક્કી ફી માળખા કરતા વધુ ફી લેવા માંગતી હોય તેમને દરખાસ્ત કરવા માટે આદેશ કરાયો હતો. દરખાસ્ત અને એફિડેવિટ કરવા માટે સ્કૂલોને ૨૪ મે સુધીની મુદત અપાઈ હતી.

દરમિયાન મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં અમદાવાદ શહેરની ૧૦૧૬ સ્કૂલોએ એફિડેવિટ જમા કરાવી હતી અને ૨૩ સ્કૂલોએ દરખાસ્ત કરી હતી. જ્યારે અમદાવાદ ગ્રામ્યની ૨૧૫ સ્કૂલોએ એફિડેવિટ રજૂ કરી હતી અને ૨૫ સ્કૂલોએ દરખાસ્ત આપી હતી. જ્યારે જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક સ્કૂલો પૈકી ૩૭૨ સ્કૂલોએ એફિડેવિટ રજૂ કરી હતી અને ૨૧ સ્કૂલોએ દરખાસ્ત રજૂ કરી હતી. આમ, કુલ ૧૬૦૩ જેટલી સ્કૂલોએ એફિડેવિટ રજૂ કરી છે. જ્યારે ૬૯ જેટલી સ્કૂલોએ દરખાસ્ત કરી હોવાનું જાણવા મળે છે. અમદાવાદની સ્કૂલોએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી છે, તેમાં ગત વર્ષના ફી માળખામાં ૧૦ ટકાથી ૨૦ ટકા સુધીના વધારા સાથેની દરખાસ્ત રજૂ કરી હોવાનું જાણવા મળે છે. જેમાં મોટાભાગની સ્કૂલોની હયાત ફીમાં કોઈ જ પ્રકારનો ઘટાડો કર્યો ન હોવાનું જાણવા મળે છે. જ્યારે અમુક સ્કૂલોએ તો રૂ. દોઢ લાખ સુધીની ફી નક્કી કરવા માટે કમિટી સમક્ષ દરખાસ્ત કરી હોવાનું જાણવા મળે છે.

# હાફ સેન્ચુરી વટાવી ચૂકેલા જગત કારાણીની હાફ મેરેથોન રનની સિદ્ધિ

ગત વર્ષે જુલાઈ મહિનાના અંતમાં ઈવનિંગ વૉક કરવા નીકળેલા જગતભાઈને એમના એક મિત્રનો ફોન આવ્યો, 'બૉસ તમે કહેતા હતા ને કે મેરેથોન હોય તો કહેજો. તો સપ્ટેમ્બરની ૧૧ તારીખે અમદાવાદ રિવરફ્રન્ટ પર નાઈટ મેરેથોન છે...'

એમણે આ તારીખ સાંભળતાં જ રોમાંચ અનુભવ્યો. કારણ કે એમના દીકરા યશની જન્મતારીખ હતી. દીકરો અમેરિકા અને એમણે નક્કી કર્યું કે હું એને મારો પ્રથમ મૅડલ ગિફ્ટ કરીશ. 'કરી જ નાખો મારું રજિસ્ટ્રેશન...' એમણે તરત જ કન્ફર્મેશન આપી દીધું. તરત જ ફર્સ્ટ હાફ મેરેથોનની તડામાર તૈયારીઓ પણ ચાલુ કરી દીધી.

નિવૃત્તિ પછીની ૫૯ વર્ષની ઉંમર કે જ્યારે વડીલો સફેદ લેંઘો-ઝભ્ભો અપનાવી બાંકડા પર અડ્ડો જમાવે ત્યારે આમણે સફેદ ચડ્ડી અને શૂઝ પહેરીને દોડવાનું શરૂ કર્યું.

સ્પર્ધાનો દિવસ આવ્યો ને એ દોડ્યા પણ ખરા. એ દિવસે વાતાવરણ ભેજવાળું હતું. નિયમિત દોડનારા પણ ૮-૧૦ કિમીએ હાંફી જતા હતા પણ જગતભાઈ દોડતા રહ્યા. રસ્તામાં એકાદ વખત વિચાર જરા ડગ્યો પણ ખરો પણ સાથે દોડતાં ગાંધીનગર રનર્સ ગૃપનાં ઊર્વી રાજવીરે એટલું જ કહ્યું, 'તમે તમારા માટે નહીં, દીકરીને બર્થ ડે ગિફ્ટનો મૅડલ આપવા માટે દોડો છો...' જગતભાઈની ઝડપ પછી વધી ગઈ અને એમણે ફિનીશર લાઈન આંબીને જ આરામ લીધો. ગળામાં પહેલી વખત હાફ મેરેથોન મેડલ ઝૂલ્યો. એમણે દીકરાને ફોન કર્યો, 'મારો પ્રથમ મેડલ તને બર્થ ડે ગિફ્ટ તરીકે...' ફોનના બંને છેડે આનંદનો માહોલ અને હર્ષાશ્રુ હતાં.

એ પ્રથમ મેરેથોનના નશાને કાયમ કરતાં એમણે પછી તો નિયમિત દોડવાનું શરૂ કર્યું. દર રવિવારે ગાંધીનગર રનર્સ ગૃપના મિત્રો સાથે પુનિત વનમાં અને બાકીના દિવસોમાં એકલા દોડતા




રહ્યા. તેઓ પોતે સ્પોર્ટ્સના ચાહક હતા. ૧૯૯૮ના વર્ષમાં સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં એમણે કરાટે કૅમ્પ માટે કોચને એક વર્ષ સુધી ફી ચૂકવીને બાળકોને મફત ટ્રેનીંગ અપાવી. આજે અરવિંદ રાણાના માર્ગદર્શન હેઠળ એ વાડો કાઈ કરાટે નિયમિત ચાલે છે. જગત કારાણી એના પૅટ્રન મૅમ્બર છે અને એમના બંને દીકરા યશ અને જશ કરાટેમાં બ્લૅક બેલ્ટ ધરાવે છે.

રનિંગ એ માઈન્ડ ગેમ છે એવું સમજી ચૂકેલા જગત કારાણી સૅલ્ફ મોટીવેટર છે. એમણે છેલ્લા છ મહિનામાં પાંચ હાફ મેરેથોન ૨ કલાક ૧૮ મિનીટ જેવા શ્રેષ્ઠ સમય સાથે પૂર્ણ કરી છે. અમદાવાદ સફલ મેરેથોન, ગાંધીનગર મેરેથોન, રાજકોટ હાફ મેરેથોન અને છેલ્લે જામનગર કે જેમનું એ વતન છે ત્યાં બેસ્ટ ટાઈમિંગ સાથે હાફ મેરેથોન પૂર્ણ કરી ફિનીશરનો મેડલ મેળવ્યો છે.

ગાંધીનગર બિલ્ડર એસોસિએશનના તેઓ પ્રમુખ રહી ચૂક્યા છે. આર્ટ લવર્સ નામની સાંસ્કૃતિક સંસ્થાના તેઓ ફાઉન્ડર છે અને એનું નામકરણ પણ એમના હસ્તે થયેલું છે. ગાંધીનગરના પ્રથમ બે બહુમાળી કોમર્શિયલ સેન્ટર સુમન ટાવર અને સુમન સિટી તેમની આગવી ઓળખ છે. ગાંધીનગરમાં પાર્ટી પ્લોટમાં ગરબા યોજનની શરૂઆતનું શ્રેય પણ તેમના નામે છે. સદાય અલગ અલગ હૅટ અને કૅપ એ તેમનો ડ્રેસકોડ છે.

૫૦ વર્ષની વય પછી નિયમિત બેડમિંટન રમવાનું શરૂ કરનારા જગત કારાણીને કબડ્ડીમાં રસ છે. તેઓ રોજ ૧૦ કિમી વોકિંગ કરે છે અને સંગીત તથા સાહિત્યમાં રસ ધરાવે છે. એમની અને એમનાં બેટરહાફ ચેતનાબેનની જન્મતારીખ એક જ દિવસે એટલે કે ૨૧મી જાન્યુઆરીએ છે.

જગત કારાણી પોતાને મેરેથોન માટે દોડતા કરનાર પોતાના મિત્રને આ વાતની પૂરી ક્રેડિટ આપે છે અને પોતાનાથી પ્રેરિત થઈ મોટી ઉંમરના લોકો દોડતા થાય તો તેમની દોડ




સફળ થશે એવું તેઓ માને છે.

**એક ઔર વાહ**

જગત કારાણી ઑગષ્ટમાં હૈદરાબાદ હાફ મેરેથોનમાં જઈ રહ્યાં છે ત્યારે સપ્ટેમ્બરમાં સાતારામાં યોજાનાર હીલ મેરેથોન કે જે ગિનીસ બૂક ઑફ વર્લ્ડ રૅકર્ડ્સમાં સ્થાન પામનાર છે એમાં પણ એમના મિત્રો સાથે ભાગ લેવાના છે.